# AIU West Zone Youth Festival (UNIFEST 2026) અહેવાલ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી માટે ગૌરવ અને પ્રેરણાનો ઐતિહાસિક ક્ષણ, પ્રતિષ્ઠિત AIU West Zone Youth Festival (UNIFEST 2026) માં, જ્યાં 33થી વધુ યુનિવર્સિટીઓ અને અંદાજે 1500 પ્રતિભાશાળી વિદ્યાર્થીઓએ યુવા શક્તિ, સંસ્કૃતિ અને સર્જનાત્મકતાનો મહોત્સવ ઉજવ્યો, જેમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દૂરવર્તી શિક્ષણ લેતા થોડા પરંતુ દૃઢ નિશ્ચય ધરાવતા વિદ્યાર્થીઓ સાથે સશક્ત હાજરી નોંધાવી અને પોતાની આગવી ઓળખ ઉભી કરી.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ અલગ અલગ 7 સ્પર્ધાઓમાં આત્મવિશ્વાસ અને જુસ્સા સાથે ભાગ લઈને સાબિત કર્યું કે સંખ્યા નહીં, પરંતુ સમર્પણ અને મહેનત જ સાચી સફળતાની ચાવી છે. તેમની પ્રતિભા, હિંમત અને ઉત્સાહે સમગ્ર યુનિવર્સિટી પરિવારે ગર્વની લાગણી અનુભવી.

વિશેષ અભિનંદન અમારા વિદ્યાર્થી અક્ષયને, જેણે એલોક્યુશન સ્પર્ધામાં 5મું સ્થાન મેળવી વિશાળ સ્પર્ધામાં ઉત્તમ સિદ્ધિ હાંસલ કરી.

“એક માણસ માટે નાનું પગલું, પરંતુ માનવજાત માટે વિશાળ ઝંપલાવ.” — Neil Armstrong

આ જ ભાવના અમારા માટે પણ સત્ય સાબિત થઈ છે. આ ભવ્ય મંચ પર અંતર શિક્ષણનું પ્રતિનિધિત્વ કરતી પ્રથમ અને એકમાત્ર ઓપન યુનિવર્સિટી તરીકે અમારી હાજરી એક ઐતિહાસિક શરૂઆત અને વિશાળ ઝંપલાવ સમાન છે.

પ્રોફેસર (ડૉ.) આમી ઉપાધ્યાયના દ્રષ્ટિવંત માર્ગદર્શન હેઠળ અમારા વિદ્યાર્થીઓએ માત્ર સ્પર્ધાનો નહીં, પરંતુ આત્મવિશ્વાસ, અનુભવો અને જોડાણનો અમૂલ્ય વારસો પ્રાપ્ત કર્યો.

સિદ્ધિ અમારા માટે ગૌરવનો વિષય છે અને ભવિષ્યમાં વધુ ઊંચાઈઓ સર કરવાની પ્રેરણા આપે છે.

સદર AIU West Zone Youth Festivalની તમામ કામગીરી સ્ટુડન્ટ ડેવલોપમેન્ટ વિભાગના નિયામકશ્રી દ્વારા કરવામાં આવેલ હતી.


BAOU


2026


CELEBRATING
YOUTH
CREATIVITY
CULTURE
पश्चिमANCHAL
THE UNIFEST 2026






Inter-University West Zone Youth
CVM
UNIVERSITY
पश्चिमANCHAL


CVM
UNIVERSITY
पश्चिमANCHAL
THE UNIFEST 2026
AIU's 39th Inter-University West Zone
Youth Festival